YES BANK

**યશ બેંક લિમિટેડ :** યુનિટ નં. જી/૩, ૧૦૨ - ૧૦૩, સી જી સેન્ટર, સી જી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
**રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ :** પંદરમો માળ, યશ બેંક ટાવર - ૨, આઈએફસી, સેનાપતિ બપત માર્ગ, એલ્ફીસ્ટન (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ. : ૯૧ (૨૨) ૩૩૬૬ ૯૦૦૦, ફેક્સ : ૯૧ (૨૨) ૬૬૬૯૯૦૬૦,
**Web :** www.yesbank.in, **Email :** communications@yesbank.in, **CIN :** L6519MH2003PLC143249

# સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અંતર્ગત બેંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતનું વેચાણ સાથે નિયમ ૮(૬) હેઠળ સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ - ૨૦૦૨.

જાહેર જનતા તથા ખાસ કરીને કરજદાર(રો)/ જામીનદાર (રો) ને આથી જાણ કરવાની કે નીચે દર્શાવેલ **યશ બેંક લિ. (મુકરર ક્રેડીટર)** એ મોર્ગેજ /ચાર્જ માં આપેલ સ્થાવર મિલકત જેનો **પ્રત્યક્ષ કબજો** બેંકના અધિકૃત અધિકારીએ લઈ લીધેલ છે. સુરક્ષિત લેણદાર/ જામીનદાર મે. **મે. દ્રોણા એન્ડ જીગર જીગર એન્ટરપ્રાઈઝ પ્રાઈવેટ લિમીટેડ તેમના ડાયરેકટરો, મોર્ગેજરો અને જામીનદારો :- શ્રી નિરવ મેહતા, શ્રી પુનમચંદ મેહતા, શ્રીમતી તૃપ્તી મેહતા અને શ્રી દ્રોણા મહેતા** ની બાકી લ્હેંણી રકમ **રૂા. ૨,૧૩,૨૦,૧૭૩.૦૮ (રૂા. બે કરોડ તેર લાખ વીસ હજાર એકસો તોત્તેર અને આઠ પૈસા પુરા)** વત્તા તા. ૧૭.૦૭.૨૦૨૦ ના રોજ થી વ્યાજ સાથે ના વસુલાત માટે **તા. ૨૨.૧૦.૨૦૨૦ ના રોજ "જે છે જયાં છે અને તેમ છે ત્યાં છે અને કોઈ જવાબદારી સિવાય"** ના ધોરણે વેચાણ કરવામાં આવશે. હરાજી માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટ માટેની વિગતો નીચે મુજબ છે.

| મિલકતોનું વર્ણન | પઝેશનની તારીખ | ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ | અનામત કિંમત અને ઈએમડી | તા. ૧૭.૦૭.૨૦૨૦ ના રોજથી બાકી લ્હેંણી રકમ (રૂા.) |
|---|---|---|---|---|
| **ઓફિસ નં. ૨૦૧,** બીજો માળ, જેનું ક્ષેત્રફળ ૮૭૧ સ્કે. ફિટ., ''પાર્શ્વ કોમ્પ્લેક્ષ'', પ્લોટ નં. ૧ અને ૨, તરૂણ કો. ઓ. હાઉસીંગ સોસાયટી લી., ગામ - સુભાનપુરા, જીલ્લો અને સબ જીલ્લો - વડોદરા, રેવન્યુ સર્વે નં. ૯/૧ અને ૯/૨, ફાઈનલ પ્લોટ નં. ૨૭૬ અને ૨૭૭, ટી. પી. સ્કીમ નં. ૨. | ૨૦.૦૭.૨૦૨૦ | તા. ૨૧.૧૨.૨૦૧૮ રૂા. ૨,૨૦,૫૬,૦૫૫.૨૧ (રૂા. બે કરોડ વીસ લાખ છપ્પન હજાર પચ્ચાવન અને એકવીસ પૈસા પુરા) ------------- ઈ - હરાજીની તારીખ અને સમય : તા. ૨૨.૧૦.૨૦૨૦ સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ કલાકે | રૂા. ૨૪,૩૮,૮૦૦/- ------- ઈએમડી રૂા. ૨,૪૩,૮૮૦/- | રૂા. ૨,૧૩,૨૦,૧૭૩.૦૮ (રૂા. બે કરોડ તેર લાખ વીસ હજાર એકસો તોતેર અને આઠ પૈસા પુરા) |
| **ફ્લેટ નં. જી-૮** (ગ્રાઉન્ડ ફલોર) જેનું ક્ષેત્રફળ ૭૦ સ્કે. મી., જે સ્થિત ''મેહુલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ - ૨'', રેવન્યુ સર્વે નં. ૧૫૭ અને ફાઈનલ પ્લોટ નં. ૪૬૮, ટી. પી. સ્કીમ નં. ૨, ગામ - સુભાનપુરા, જીલ્લો - વડોદરા. | ૨૫.૦૮.૨૦૨૦ | | રૂા. ૧૧,૧૩,૬૦૦/- ------- ઈએમડી રૂા. ૧,૧૧,૩૬૦/- | |
| **ફ્લેટ નં. એફ-૮,** જેનું ક્ષેત્રફળ ૧૫૦ સ્કે. મી., બધા જ સ્ટ્રકચર સાથે, જે સ્થિત ''મેહુલ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., વિભાગ - ૨'', રેવન્યુ સર્વે નં. ૧૫૭ અને ફાઈનલ પ્લોટ નં. ૪૬૮, ટી. પી. સ્કીમ નં. ૨, ગામ - સુભાનપુરા, જીલ્લો - વડોદરા. | ૨૫.૦૮.૨૦૨૦ | | રૂા. ૨૧,૪૪,૦૦૦/- ------- ઈએમડી રૂા. ૨,૧૪,૪૦૦/- | |

**ઈ - હરાજી દ્વારા સ્થાવર મિલકતોના વેચાણ માટે શરતો અને નિયમો :-**

**મિલકતોનું નિરીક્ષણ : ઈચ્છુક બિડરોએ મિલકતોનું નિરીક્ષણ કરવા માટે તા. ૧૫.૧૦.૨૦૨૦ ના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી**

**બીડ ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૧.૧૦.૨૦૨૦ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે.**

હરાજી વેચાણ ઓનલાઈન ઈ - હરાજી / બિડીંગ મારફતે વાયબીએલના માન્ય સર્વિસ પ્રોવાઈડર **મે. ઈ - પ્રોક્યુરમેન્ટ ટેકનોલોજીસ લિમીટેડ જેની ઓફિસ બી - ૭૦૪ - ૭૦૫, વોલસ્ટ્રીટ - ૨, ઓરીએન્ટ કલબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ, ગુજરાત, હેલ્પલાઈન નં. ૯૯૭૮૫૯૧૮૮૮, જીનેશ જરીવાલા અને હેલ્પલાઈન મેઈલ આઈડી : gujarat@auctiontiger.net, વેબસાઈટ : https://sarfaesi.auctiontiger.net અને ઓકશનટાઈગર મોબાઈલ એપ પર પણ કરવામાં આવશે.**

**હરાજીનું વેચાણ તા. ૨૨.૧૦.૨૦૨૦ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વાગ્યા સુધી** નિશ્ચિત સમય પહેલા છેલ્લાં પાંચ મિનિટમાં બિડ મુકવામાં આવે ત્યારે ઓટો એક્ષ્ટેશન વધારા સાથે કરવામાં આવશે.

બીડની કિંમત અનામત કિંમત કરતા વધુ મોકલવાની રહેશે અને બીડરો તેનની ઓફરો **રૂા. ૧૦,૦૦૦/- (રૂા. દશ હજાર પુરા)** ના ગુણાંકમાં વધારી શકાશે. અધિકૃત અધિકારી દ્વારા નકકી કરેલ અનામત રકમ કરતા ઓછી કિંમતે મિલકત વેચવામાં આવશે નહીં. અનામત રકમ ઓછી રકમ દર્શાવેલ બીડ રદ કરવામાં આવશે અને ડીપોઝીટ કરેલ ઈએમડી જપ્ત કરવામાં આવશે.

સફળ બીડરે ખરીદ કિંમત (અર્નેસ્ટ મની ખરેખર ચૂકવેલ) ૨૫ % રકમ ઈ - હરાજી વેચાણ પ્રક્રિયા પૂરી થયાના ૨૪ કલાકમાં ચૂકવવાની રહેશે. બાકીની ૭૫ % રકમ બેંક દ્વારા વેચાણની બાહેંધરી આપ્યાના ૧૫ દિવસમાં અથવા અધિકૃત અધિકારી દ્વારા લેખિતમાં ખાતરી આપ્યા બાદ વધારેલ સમયગાળામાં ચૂકવવાના રહેશે. જેમા નિષ્ફળ જવાની ખરીદદાર દ્વારા ખરેખર ચૂકવેલ / ડીપોઝીટ કરેલ રકમ બેંક જપ્ત કરી લેશે.

બિડરો એ બેંકની વેબસાઈટ **www.yesbank.in** મુલાકાત લો. હરાજી બિડ ફોર્મ અને હરાજીની શરતો અને નિયમો ચકાસીને વેચાણ અંગેની કાર્યવાહી કરવાની સલાહ આપવામાં આવે છે.

બીડ ભરેલ સંબંધિત વિગતો સાથે માત્ર નિર્ધારીત ફોર્મેટ (ઓ) માં જ ઓનલાઈન સબમિટ કરવામાં આવશે. કોઈ પણ અન્ય ફોર્મેટ / અધુરી માહિતી ભરેલી હશે તો બીડ નકારવામાં આવશે.

બધા બીડ ફોર્મ સાથે નીચે મુજબના કેવાયસી દસ્તાવેજોની નકલ સાથે રાખવી જેવી કે (૧) પાન કાર્ડ (૨) આધાર કાર્ડ / પાસપોર્ટ (૩) હાલના સરનામું નો પુરાવો (૪) માન્ય ઈમેલ આઈડી (૫) સંપર્ક નંબર (મોબાઈલ / લેન્ડલાઈન) વગેરે. ઉપર જણાવેલ દસ્તાવેજોની સ્કેન કોપી ઉપરોકત ઈમેલ આઈડી પર સબમીટ કરવાની રહેશે. વેચાણની નોટીસમાં દરેક મિલકત સાથે નોંધાયેલ મિલકતની અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ઓનલાઈન બિડરે **RTGS/NEFT/FUND TRANSFER** દ્વારા રકમ જમા કરવાની રહેશે.

| Particulars | Details | |
|---|---|---|
| Name of Bank & Branch | YES Bank Ltd. BB CAD Ahmedabad Internal Account 102/103, CG Centre, CG Road, Ahmedabad - 380009 | |
| Name of Beneficiary | Yes Bank Ltd. BB CAD Ahmedabad Internal Account | |
| Account No. | 000789900000149 | IFSC Code : YESB0000007 – CG Road, Ahmedabad |

ઈચ્છુક બિડરે બેંકને સ્વીકૃત થઈ શકે તેવા ફોર્મેટમાં ઈએમડીની ડીપોઝીટ નો પુરાવો રજુ કરવાનો રહેશે.

બિડર્સ માન્ય ઈમેલ આઈડી આપવાનું રહેશે કારણ કે બેંક / સેવા પ્રદાતા પાસેથી બધી સંબંધીત માહિતી ફકત ઈમેલ દ્વારા જ જણાવવામાં આવી શકે છે.

ઈ - હરાજીમાં ભાગ લેતા ઓનલાઈન / વ્યકિતગત તાલીમ પ્રાપ્ત કરવા માટે ઉપર જણાવેલ સર્વિસ પ્રોવાઈડર ને સંપર્ક કરી શકે છે.

જો કે કોઈ પણ અધિકૃત અધિકારી અથવા બેંક અથવા સર્વિસ પ્રોવાઈડર કોઈ પણ ટેકનિકલ / ક્ષમતા નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.

ઈ - હરાજીની કાર્યવાહી બંધ થયાના ૭ દિવસની અંદર અસફળ બિડર્સની ઈએમડી ની રકમ પરત કરવામાં આવશે.

વેચાણ બેંકની ખાતરીનો વિષય છે જો ઉધારકર્તા / જામીનદારો, ઈ - હરાજી તારીખ પહેલા સંપૂર્ણ બાકી રકમ ચૂકવી દેશે તો કોઈ પણ વેચાણ કરવામાં આવશે નહી.

અધિકૃત અધિકારીની જાણકારી મુજબ મિલકત ઉપર અત્યાર સુધી અન્ય કોઈ તારણ જાણમાં નથી. આમ છતા બોલી બોલનારાઓએ કોઈપણ બોજા, ટાઈટલ્સ, દાવાઓ, હક્કો જે મિલકતને અસર કરતી હોય તે અંગે પોતાની સ્વતંત્ર તપાસ હરાજીમાં ભાગ લેતાં પહેલાં કરાવી લેવી જોઈએ. ઈ-હરાજીની જાહેરાત બેંકની કોઈ પણ જાતની બાહેંધરી દર્શાવતું નથી. આ મિલકત હાલમાં અને ભવિષ્યમાં ઉભી થનાર કોઈપણ ભારણ બેંકની જાણમાં હોય કે ના હોય તે સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારીશ્રીઓ/ સિક્યોર્ડ ક્રેડીટર્સ ત્રાહીત પક્ષના દાવાઓ / હક્કો / લેણાઓ / કરવેરાઓ વગેરે માટે કોઈપણ રીતે જવાબદાર નથી.

અધિકૃત અધિકારી પાસે કોઈ પણ ટેન્ડર / ટેન્ડરો (મિલકત માંથી કોઈ પણ) ને રદ કરવાનો / નકારવાનો અબાધિત અધિકાર છે.

વેચાણ પ્રક્રિયાની પૂર્ણતા માટે અધિકૃત અધિકારી ખરીદદારની તરફેણમાં વેચાણ પ્રમાણપત્ર ઈસ્યુ કરશે. સ્ટેમ્પ ડયુટી, નોંધણી ચાર્જ, કન્વેયન્સ, વેટ, ટીડીએસ, જીએસટી વગેરેથી સંબંધીત તમામ ખર્ચ ખરીદનારે ભોગવવાના રહેશે.

વેચાણ સરફેસી કાયદા / રૂલ્સ - ૨૦૦૨ માં નિર્દિષ્ટ શરતો અને ઉપર દર્શાવેલ શરતો અનુસાર ગણાશે.

**હરાજીની વધુ માહીતી અને નિરીક્ષણ માટે ઈચ્છુક બિડરોને યશ બેંક લિ. ના પ્રતિનિધિ શ્રી નિખિલ વ્યાસ, (મો) : ૯૨૨૭૫૦૪૦૧૧, સવારે ૧૦.૩૦ થી સાંજે ૫.૩૦ કલાકો દરમ્યાન સંપર્ક કરી શકાશે.**

**ઉધારકર્તા / જામીનદારો / મોર્ગેજરો નું વેચાણ નોટીસ**

**ઉપરોકત પ્રકાશનની તારીખથી ૩૦ દિવસની અંદર ચૂકવવા માટે જવાબદારોને નોટીસ તરીકે ગણવામાં આવશે.**

**સહી/-**

**તારીખ : ૧૭.૦૯.૨૦૨૦, સ્થળ : વડોદરા** (અસલ અંગ્રેજી પરથી અનુવાદ) **અધિકૃત અધિકારી, યશ બેંક લિમિટેડ**